

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પાણીના પોકળ દિલાસા 'બંધ'માં બંધ કરી દો !*
*ને લ્યો ! ફરી રામ-મંદિરની દુકાન બંધ કરી દો !*
*ભરો ખિસ્સા ને 'વંદન કરવાનું' બંધ કરી દો !*
*ને લ્યો ! હવે રંગીન સ્વપ્નો જોવાનું બંધ કરી દો !*

### હાઈકુ

*ઉકેલ જાણે*
*હાથવગો બનાવી*
*ચગાવ્યા શ્રી શ્રી*

*હવે નિરાંત*
*વીતી ગઈ ખરાબ -*
*રાત ને વાત !*

### ચિંતન

*દુ:ખપ્રત્યયશૂન્યવિદાનંદમયતા મતા ।*
*અજ્ઞાને સકલં સુપ્તૌ બુદ્ધયાદિ પ્રવિલીયતે ॥*

**ઉપરોક્ત શ્લોક આત્મસૂત્રમાંથી લેવામાં આવ્યો છે.**

**આ આત્માને દુ:ખનો અનુભવ નહીં હોવાથી આનંદમય માન્યો છે. સુષુપ્તિ અવસ્થામાં બુદ્ધિ વગેરે સઘળું અજ્ઞાનમાં લય પામી જાય છે.**

**આત્મા જ્યાં સુધી જાગૃત ન થાય અર્થાત તેના મૂળ હેતુ-ધ્યેયનું તેને જ્ઞાન ન થાય ત્યાં સુધી સુષુપ્ત અવસ્થામાં જ હોય છે. તેને સુખ-દુખ, આનંદનું પણ ભાન હોતું નથી. મને અને સ્વભાવ જે અનુભવે છે તેને આપણે આત્માને નામે ચડાવી દઈએ છીએ, એ જ આત્માનું અજ્ઞાન છે.**

**જ્યારે જીવનનું લક્ષ્ય સમજાય ત્યારે આત્મ જાગૃત અવસ્થામાં આવ્યો છે એમ કહી શકાય.**

### સુવિચાર

- પોતે મેળવેલા પચાવેલા જ્ઞાનાનુસાર વર્ત કરે છે તે જ વિદ્વાન - **હઝરતમહંમદ પયગંબર**
- જિંદગીની બીજી આવૃત્તિ પ્રગટ થઈ શકતી હોત તો હું પહેલી આવૃત્તિમાં રહેલી પ્રૂફ રિડિંગની ભૂલો સુધારી લેત - **જ્હોન ફ્લેચર**
- જેટલો સમય આપણે કોઈ કામની ચિંતામાં લગાડીએ છીએ, એટલો જ સમય એ કામ પાછળ લગાડીશું તો ચિંતા જેવી કોઈ વસ્તુ રહેશે જ નહીં - **સ્વેટ માર્ડન**
- જે ગૃહસ્થના ઘરમાં માતા નથી અને સ્ત્રી કર્કશા છે તેણે તો વનમાં ચાલ્યા જવું જોઈએ. કારણ કે તેને માટે ઘર અને વન એકસરખાં જ હોય છે - **ચાણક્ય**
- એક નાની ખાસિયત અમુક માત્રાથી વધી જાય તો ગુણ મટીને અવગુણ બને છે - **શિવ ખેરા**
- સેવાભાવનું ફળ ભૌતિક સુખો છે અને કુસેવાભાવનું ફળ ભૌતિક દુખો છે - **દાદા ભગવાન**

આજનું ઔષધ : પાંચ ભીંડાને ગરમ પાણીમાં ખૂબ ઉકાળીને તે પાણી દિવસમાં ત્રણ-ચાર વાર પીવાથી સૂકી ઉધરસ શમે છે. (સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

એક જાણીતા સંત મૃત્યુ પામ્યા ને પછી યમલોકમાં ગયા. ત્યાં જઈને તેમણે કહ્યું, દેવદૂત. જરા જુઓ તો ખરા, મારા માટે કયા સ્વર્ગમાં શું શું વ્યવસ્થા કરવામાં આવી છે ?

દેવદૂતે નમ્રતાપૂર્વક કહ્યું, મહારાજ આપ ક્યાંથી આવો છો ?

સંતે કહ્યું, અરે તમે મને ઓળખતા નથી ? હું ગુજરાતનો પ્રખ્યાત સંત છું, મારા ઘણા બધા આશ્રમો છે. કરોડોની સંપત્તિ છે અને હજારો અનુયાયી છે.

દેવદૂતે કહ્યું, આ ગુજરાત ક્યાં આવ્યું ?

સંતને દેવદૂતના અજ્ઞાન પર હસવું આવ્યું. એમણે કહ્યું, ભારતમાં અને ભારત એશિયા ખંડમાં અને એશિયા પૃથ્વીત પર, હજી વધારે કંઈ જાણવું છે ?

દેવદૂતે કહ્યું, હા. મને એ કહો કે કઈ પૃથ્વી પર ? કારણ કે બ્રહ્માંડમાં હજારો સૂર્ય છે અને દરેક સૂર્યને અનેક ગ્રહો છે, અનેક ઉપગ્રહો છે. ઘણી બધી પૃથ્વીઓ છે. તેમાં તમે કઈ પૃથ્વી પરથી આવો છો ?

સંત ચૂપ થઈ ગયા. તેમની પાસે કોઈ જવાબ નહોતો.

તેમનું અભિમાન ઓગળી ગયું હતું.

# દિલ્હી : ત્રણે પાર્ટીઓ માટે પ્રતિષ્ઠાનો જંગ

**તંત્રીસ્થાનેથી...**

આમ તો દિલ્હી પ્રદેશ લોકસભાની સાત જ બેઠકો ધરાવતું નાનું રાજ્ય છે. પરંતુ વર્તમાન ચૂંટણી જંગના મહારથીઓ માટે એ પ્રતિષ્ઠાનો જંગ બની રહ્યું છે. રાજધાનીમાં આ રવિવારે ચૂંટણીનો મતદાનવાળો તબક્કો પૂરો થઈ ગયો છે પરંતુ એના પડઘા પૂરાં પાંચ વરસ લગી સંભળાતા રહેશે. ભારતીય જનતા પાર્ટી જ્યારે જનસંઘ તરીકેના પ્રારંભિક સ્વરૂપમાં હતી ત્યારે પણ એની હાજરી દિલ્હીથી વર્તાવી શરૂ થઈ હતી. બલરાજ મધોક, દીનદયાલ ઉપાધ્યાય વગેરે નેતાઓ પછી સૌથી સશક્ત વક્તા તરીકે અને પાછળથી રાષ્ટ્રીય નેતા તથા વડાપ્રધાન તરીકે પ્રસ્થાપિત થયેલા અટલબિહારી વાજપેયી ભલે મધ્યપ્રદેશ કે ઉત્તરપ્રદેશથી ચૂંટણી લડતા રહ્યા હોય પરંતુ એમને ખરી ઓળખ તો દિલ્હીએ જ આપી હતી. નહેરુ-ગાંધી પરિવાર ઉત્તરપ્રદેશમાંથી ચૂંટાઈને દિલ્હીમાં જ વસવાટ કરતો રહ્યો છે. છેલ્લે આમ આદમી પાર્ટી શરૂ થઈ તો દિલ્હીમાં અનેં ણે સપાટો પણ બોલાવી દીધી તો દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં. અરવિંદ કેજરીવાલ ધૂમકેતુની જેમ ધસી આવ્યા અને રાષ્ટ્રીય નેતાઓની હરોળમાં કાં તો સીધા જ એમની સ્પર્ધામાં ગોઠવાઈ ગયા. આધુનિક દિલ્હીના વિશ્વકર્મા સમાં શીલા દિક્ષીતે ત્રણ સળંગ ટર્મ સુધી દિલ્હી પર શાસન ચલાવ્યું. દિલ્હીને એમના શાસનકાળમાં વિશ્વકક્ષાના આધુનિક મહાનગરની ઓળખ સાંપડી હતી. પરંતુ શીલા દિક્ષીત સામે ઑલિમ્પિક જેવી કૉમનવેલ્થ ગેમ્સના આયોજન સંદર્ભે અનર્ગળ આક્ષેપો થયા. અરવિંદ કેજરીવાલને અણ્ણા હજારેના લોકપાલ આંદોલનની પીઠિકા મળી અને એમાંથી આમ આદમી પાર્ટીનો ઉદય થયો. દિલ્હીને પૂર્ણ કક્ષાના રાજ્યનો દરજ્જો નહીં મળ્યો હોવાથી કેજરીવાલને બબ્બે વાર સરકાર બનાવ્યા છતાં છૂટો દોર નહીં મળતાં એ પ્રજા સમક્ષ કેન્દ્રની જોહુકમીની સતત ફરિયાદો કરતા જ રહ્યા છે. લોકસભાની ચૂંટણીમાં ક્યારેક જેના કટ્ટર ટીકાકાર હતા એવી કોંગ્રેસ સાથે ગઠબંધન કરવા તૈયાર થયેલા કેજરીવાલે દિલ્હીમાં ચાર બેઠકો છોડવા માટેની પૂર્વ શરત એ રાખી હતી કે હરિયાણા અને પંજાબમાં પણ ગઠબંધન કરવામાં આવે. કોંગ્રેસને દિલ્હી બહાર 'આપ' સાથે સમાધાન કરવામાં રસ નહોતો. એથી છેલ્લી ઘડીએ મંત્રણાઓ ભાંગી પડી જેનો સીધો લાભ ભાજપને જ થવાનો છે એવું બેઉ પાર્ટીઓ જાણે છે. કોંગ્રેસ માટે પગ નીચેથી સરકી ગયેલી દિલ્હીમાં પગદંડો જમાવવાનો પડકાર છે તો વળી ગત લોકસભામાં તમામ બેઠકો અંકે કરનાર ભાજપને પોતાનું વજૂદ ટકાવી રાખવાની ફિકર છે. કેજરીવાલે કોઈ ઍક્ટર તો કોઈ માનુનીને ટિકીટ આપી છે. ભારતીય જનતા પાર્ટીએ ગૌતમ ગંભીર જેવા ખેલાડીને મેદાનમાં ઉતારી યુવાવર્ગને આકર્ષવા પ્રયાસ કર્યો છે. છેલ્લે ગૌતમ ગંભીર સામે આમ આદમી પાર્ટીનાં મહિલા ઉમેદવાર વિશે ગલીચ આક્ષેપોવાળી પત્રિકા છપાવવા અંગે ચૂંટણીપંચને અને અદાલતને આંગણે ધા નંખાઈ છે. પ્રચાર તદ્દન નીચી કક્ષાએ ઊતરી ચૂક્યો છે જેમાં કોઈ જ નૈતિક મૂલ્યો કે માનવીય ગરિમાનો ખ્યાલ રખાયો નથી. શીખોના રૂઝાયેલા ઘા તાજા કરી ભાજપ એમની વોટ બેંક પાકી કરવા કૃતસંકલ્પ છે. રવિવારે ચૂંટણીમાં થનાર મતદાન વખતે અંદાજ આવશે કે ઊંટ કયે પડખે બેસે છે. જો કે અરવિંદ કેજરીવાલ તો સાતે બેઠકો અંકે કરી લેવાના મૂડમાં જ આચાર-સંહિતાની ઐસીતૈસી કરી પ્રિ-પોલ સર્વેક્ષણો કરાવી ચૂક્યા છે પરંતુ ખરી લડાઈમાં કોંગ્રેસ પણ મજબૂતાઈપૂર્વક એની હાજરી પુરાવશે એમાં શંકાને સ્થાન નથી.

# હિન્દુ સ્ત્રીને દત્તક લેવાનો અધિકાર : ધી હિન્દુ માયનોરીટી એન્ડ ગાર્ડીયનશીપ એક્ટ ૧૯૫૬ ની કલમ-૮,૯ ની સમજુતી



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ધી હિન્દુ માઈનોરીટી એન્ડ ગાર્ડીયનશીપ એક્ટ ૧૯૫૬ માં હિન્દુ સ્ત્રીને દત્તક લેવાનો અધિકાર કલમ ૮ હેઠળ આપવામાં આવ્યો છે તેમાં મુખ્યત્વે એવી શરત છે કે તેણીની અપરણિત હોવી જોઈએ અને જો પરણિત હોય તો તેના લગ્નનો વિચ્છેદ થયો હોય અથવા તેનો પતિ મૃત્યુ પામ્યો હોય અથવા પતિએ સંપૂર્ણપણે સદાને માટે સંસારનો ત્યાગ કરેલ હોય અથવા કોર્ટે તેને અસ્થિર મગજનો ઠરાવ્યો હોય. આ પ્રમાણે ના હોય તો હિન્દુ સ્ત્રીને દત્તક લેવાનો અધિકાર મળતો નથી.

હિન્દુ સ્ત્રીને દત્તક લેવાની સમર્થન માટે જો કોઈપણ હિન્દુ સ્ત્રી પોતે સ્થીર મગજની હોય, સગીર ના હોય અને અપરણિત ના હોય અથવા પરણિત હોય તો લગ્ન વિચ્છેદ થયેલા હોય અથવા પતિએ સદાને માટે તેનો ત્યાગ કરેલો હોવો જોઈએ. આવી સત્તા ધરાવતી કોર્ટે તેને અસ્થિર મગજનો સાબીત કર્યો હોય તો તે સ્ત્રી પુત્રને અથવા પુત્રીને દત્તક લેવા સમર્થ છે.

કાયદાની જે જોગવાઈઓ છે તે તેને કલમ ૯ કે જે એમ ઠરાવે છે કોઈપણ હિન્દુ પુરૂષ પોતાની પત્નીની સમંતિ વગર બાળક દત્તક લઈ શકશે નહિ એ વિધવાને હિન્દુ માઈનોરીટી એન્ડ ગાર્ડીયનશીપ એકટની ૧૯૫૬ ની કલમ ૮ ની જોગવાઈઓ લાગુ પડે છે.

અદાલત પોતે જાણે કાયદો બનાવતી હોય અને આમ કરવાથી કાયદાની જે યોજના છે તેનાથી વિપરીત રીતે ચાલવાનું બને છે કેમ કે હિન્દુ કાયદો હિન્દુ સ્ત્રીને પોતાને માટે જ માત્ર નહિ પણ પોતાના પતિના માટે પણ દત્તક બાળક લેવાને માટે શક્તિમાન બનાવે છે.

અદાલતો કોઈ કાયદાની જોગવાઈઓના હાર્દમાં વાંચીને તેમાં વિધાન મંડળે જે કરવાનો ઈરાદો સેવ્યો ન હોય તેવું કોઈપણ અર્થાત તેવો કોઈ સુધારો વધારો કરી શકતી નથી જે બાબતને પણ ધ્યાનમાં લઈ શકે નહિ.

જુના હિન્દુ કાયદામાં કેટલી હદે અને કયાં મોર્ટેનાઈઝ કરવો જોઈએ સુધારવો જોઈએ અને તેમાં ફેરફાર કરવો જોઈએ એ બાબતો વિષે એમ ઠરાવ્યું છે કે, આવી બાબતો વૈધાનિક હોવી જોઈએ એ અદાલતોએ જોગવાઈઓની ભાષા બંધારણ અને કઈ જોગવાઈમાં સમાવિષ્ટ છે તેને તેના ઉંડા હાર્દમાં ઉંડા ઉતરીને અથવા લાગણિક રીતે બે લીટી વચ્ચે વાંચીને એમ કહે છે એવું કહીને એમાં જે બાબત વિધાન મંડળે દાખલ કરવા ધારી ન હોય તેને દાખલ કરી શકાશે નહિ.

હિન્દુ એડોપ્શન્સ એન્ડ મેન્ટેનન્સ એક્ટ ૧૯૫૬ નો હેતુ માત્ર તેને સુધારવાનો જ નહિ પરંતુ દત્તક વિધાનના અને ભરણપોષણના કાયદાઓનું સંહિતીકરણ કરવાનો હતો અને તેની જોગવાઈઓને હિન્દુ લૉની કોઈ એક્ટ, કોઈ ટેક્સ્ટ, નિયમ અથવા તેનું અર્થઘટન આચાર કે રીવાજને જે તેની વિરૂધ્ધ હોય તેની ઉપર ઓવરરાઈડીંગ અસર આપવાનો હતો નથી.

આ એકટની કલમ ૮ મહિલાની સમાનતા અને તેની સ્વતંત્ર નિર્ણયો લેવાની શક્તિને કાયદાકિય માન્યતા આપે છે. આ એક્ટની કલમ ૯ માં દત્તક આપવા સમર્થ વ્યક્તિઓ અંગે જણાવેલ છે જેમાં કોઈ બાળકના પિતા અથવા માતા અથવા વાલી સીવાયની કોઈ પણ વ્યક્તિ તેને દત્તક આપવા સમર્થ ગણાશે નહિ (૨) પેટા કલમ (૩) અને પેટા કલમ (૪) ની જોગવાઈઓને આધીન રહીને પિતા હૈયાત હોય તો ફકત તેને દત્તક આપવાનો અધિકાર રહેશે પણ માતાની સમંતી વીના એવા હક્કનો અમલ થઈ શકશે નહિ. સીવાય કે માતાએ સંપૂર્ણપણે અને સદાને માટે સંસારનો ત્યાગ કર્યો હોય અથવા તે હિન્દુ રહીના હોય અથવા સત્તા ધરાવતી કોર્ટે તેને અસ્થિર મગની જાહેર કરેલ હોય.

પિતા મૃત્યુ પામ્યો હોય અથવા તેણે સંપૂર્ણપણે અને સદાને માટે સંસારનો ત્યાગ કર્યો હોય અથવા તે રહ્યો ના હોય અથવા સત્તા ધરાવતી કોર્ટે તેને અસ્થિર મગજનો જાહેર કર્યો હોય તો માતા બાળકને દત્તક આપી શકશે.

માતા પિતા બન્ને મરણ પામ્યા હોય અથવા તેણે સંપૂર્ણપણે અને સદાને માટે સંસારનો ત્યાગ કર્યો હોય અથવા તેણે બાળકને ત્યજી દીધું હોય અથવા બાળકના માતા પિતાના કોણ છે તેની ખબર ના હોય ત્યારે તે બાળકના વાલી કોર્ટની અગાઉની પરવાનગી લઈને પોતાનાન સહિત કોઈપણ વ્યક્તિને બાળક દત્તક આપી શકશે.

આ અધિનિયમ પેટા કલમ (૪) મુજબ વાલીને પરવાનગી આપતા પહેલા કોર્ટે બાળકની ઉંમર અથે સમજ શક્તિને લક્ષમાં લઈને આ દત્તક વિધાનમાં સબંધમાં તેની ઈચ્છા અંગે યોગ્ય વિચાર કરતા સદરહુ દત્તક વિધાનમાં તેનું કલ્યાણ કયા છે એવી અને પરવાનગી માટેના અરજદારે દત્તક વિધાનના અવેજમાં કોર્ટે મંજુર કરે તે સીવાયની કોઈ રકમ અથવા બદલો લીધો નથી અથવા લેવાની કબુલાત કરી નથી અને કોઈપણ વ્યક્તિને અરજદારને તે ચુકવેલ નથી કે આપેલ નથી અથવા ચુકવી આપવાની કબુલાત કરી નથી તેવી ખાતરી કરવી જોઈએ ત્યારબાદ દત્તક આપનાર દત્તક લેનાર અને દત્તક રહેનાર વચ્ચેની શરતો અને કરારને (દત્તક વિધાન) મંજુરી આપવામાં આવે છે.

# ...તો બધી જાતરાનો અરથ કઈ નથી, જાતની બહાર જો નીકળી ના શકો

**યાત્રા ભિન્ન વિસ્તાર ની, ઘટમાળે વિરામના જેવી હોય છે**
**શબ્દ,અર્થ, વિચાર સઘળા, સ્વ.ની ઓળખની ચાવી હોય છે**
**- સ્માર્ત**

આપણા ઋષિઓ અને મહર્ષિઓએ આખા ભારતને એક બનાવવા માટે યુક્તિ શોધી કાઢી. 'કાશી મોટું તીર્થસ્થાન છે, રામેશ્વર પુણ્યધામ છે,' એમ કહીને લોકોને તીર્થાટનની પ્રેરણા આપી. તે જમાનામાં આવવા-જવાનાં સારાં સાધનો હતાં નહી, યાત્રા કરવામાં ઘણું કષ્ટ પડતુ; તેમ છતાં લોકો યાત્રા કરતા. આવી તીર્થયાત્રાઓના મૂળમાં ઉદ્દેશ ભારતદર્શનનો જ રહેતો. ઋષિઓના મનમાં રાષ્ટ્રીય એકતાનો ઉદ્દેશ હતો.

કાશીમાં ગંગાતટ ઉપર રહેનારો તડપે છે કે કાશીની ગંગાની કાવડ ભરીને કયારે રામેશ્વરને ચઢાવું ? જાણે કાશી અને રામેશ્વર એના મકાનનું આંગણું અને પાછલો વાડો ન હોય ! વાસ્તવમાં બંને વચ્ચે પંદરસો માઈલનું અંતર છે, પરંતુ આપણા શ્રેષ્ઠ ઋષિઓએ આપણને એવો વૈભવ આપ્યો છે કે આપણું આંગણું પંદરસો માઈલ સુધી વિસ્તરેલું છે ! રામેશ્વરમાં રહેનારો તડપે છે કે રામેશ્વરના સમુદ્રનું જળ કાશી-વિશ્વેશ્વરના મસ્તક ઉપર કયારે ચઢાવું ? કેટલી વ્યાપક અને પવિત્ર ભાવના છે આ!

૧૨૦૦ વરસ પહેલાં શંકરાચાર્ય દક્ષિણમાંથી યાત્રા કરતા છેક શ્રીનગર ગયા હતા અને ત્યાં પહાડ ઉપર ભગવાન શંકરની સ્થાપના કરી હતી. શંકરાચાર્યે બિલકુલ જુવાનીમાં પગપાળા યાત્રા કરી અને કેરલથી નીકળીને કાશ્મીર પહોંચ્યા. મલબારનો એક છોકરો, ભારતના ઠેઠ દક્ષિણ છેડાનો એક છોકરો, તે જમાનામાં કાશ્મીર સુધી પગે ચાલતો ચાલતો આવ્યો.



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

શંકરાચાર્યે સમાધિ પર હિમાલયમાં જ લીધી. કેદારનાથમાં શંકરની સમાધિ છે. વળી, કેદારનાથના મંદિરમાં આજ સુધી એવી પરંપરા ચાલી આવે છે કે ત્યાંનો મુખ્ય પૂજારી કેરલને નંબૂદ્રી બ્રાહ્મણ જ હોય. શંકરાચાર્યે ચારે દિશામાં ચાર આશ્રમ સ્થાપ્યા - દ્વારિકા, જગન્નાથપુરી, બદ્રીકેદાર અને શૃંગેરી. હજાર-હજાર માઈલનું અંતર આ મઠો વચ્ચે હતું. એ મઠોવાળાઓને એકબીજાને મળવું હોય તોય વરસ - બે વરસ પગપાળા યાત્રા કરવી પડતી ! મને એમ લાગ્યું છે કે શંકરાચાર્યમાં સમસ્ત ભારતીયતા મૂર્તિમંત થઈ ગઈ હતી.

આપણો ભારત દેશ મોટો છે, મહાન છે; પરંતુ આ મહાનતા એમની એમ નથી આવી ગઈ, તેની પાછળ દીર્ઘ કાળની વિચારપૂર્વકની મહેનત છે, સાધના છે. તેના પરિણામ સ્વરુપ આવી એક મહાન સંસ્કૃતિ ઊભી થઈ છે. આ પ્રાચીન સંસ્કૃતિનો સંદેશ આ દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પહોંચાડવામાં આવ્યો છે. જયારે આજના જેવા સંદેશાવ્યવહારમાં કોઈ સાધનો નહોતાં, ત્યારે આવડું મોટું રાષ્ટ્રીય એકતાનું જે કામ થયું છે, તે અદ્‌ભૂત જ છે !

અનેકાનેક ભેદ હોવા છતાં આપણાં પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે, તેના માટે એવી એવી પરંપરા ઊભી કરી દીધી છે કે આશ્ચર્ય જ થાય છે ! તમિલનાડુ, કર્ણાટક કે મહારાષ્ટ્રનો માણસ સ્નાન માટે કાવેરી, તુંગભદ્રા કે ગોદાવરી જશે તોયે કહેશે કે, હું ગંગા-સ્નાન માટે જાઉં છું ! આ રીતે આપણા પૂર્વજોએ આપણી રગ-રગમાં ભારતીયતા ભરી દીધી છે.

આવી એકતા એમનેમ ઊભી નથી થઈ ગઈ. અનેક સંતપુરુષો આ દેશની ધરતીને પગપાળા ખૂંદી વળ્યા છે, અને એમણે જ આ દેશને એક બનાવ્યો છે. ભારતના એક સંત - શિરોમણી અહીં વરસો સુધી ઘૂમતા રહ્યા. શંકરાચાર્ય ૧૫ વરસ, રામાનુજ ૧૨ થી ૧૪ વરસ, વલ્લભાચાર્ય ૧૮ વરસ, શંકરદેવ ૧૨ વરસ, નામદેવ ૧૨-૧૪ વરસ, નાનક ૧૮ થી ૨૦ વરસ અને કબીર ૨૫ થી ૩૦ વરસ સુધી પગપાળા ફર્યા. આવો ઉજ્જવળ ઈતિહાસ આ ભારતીય સંસ્કૃતિ પાછળ છે.

હજારો વરસોના પ્રયત્ન બાદ માણસનો સદ્-અસદ્ વિવેક કેળવાયો છે, કેટલીક નિષ્ઠાઓ પાકી થઈ છે, ઉચિત-અનુચિતનો ખ્યાલ સ્થિર થયો છે. માણસની આ જે ઉચિત-અનુચિતની ભાવના બની છે, તે રાજા-મહારાજાએ નથી બનાવી, સંતોએ બનાવી છે. આ સંત-મહાપુરુષો જો ન હોત, તો આપણે જાનવર જ રહી જાત. અહીંનું લોકમાનસ સંતો દ્વારા કેળવાયું છે.

રવીન્દ્રનાથ ઠાકુરે ગાયું, 'ભારતેય મહામાનવેર સાગરતીરે !' ભારત એક મહામાનવ-સમુદ્ર છે. જેમ સમુદ્રમાં ચારે કોરથી નદીઓ આવીને મળે છે, તેમ આ દેશમાં લોકો આવીને અહીંના માનવસાગરમાં સમાઈ ગયા છે. આપણે હવે આ સમાજને એકરસ બનાવવાનો છે. એકરસ સમાજ હશે, તે ષડ્‌રસયુક્ત સમાજ હશે. ભિન્ન-ભિન્ન જમાતોના ગુણોને કાયમ રાખીને એમને સહુને આપણે એકરસ કરવા પડશે. સંગીતકારની માફક સાત સૂરોને મેળવીને એક સુંદર સુસંવાદી 'ભારત-રાગ' આપણને નિપજાવવાનો છે.

**Last Seen :**

**તો બધી જાતરાનો અરથ કઈ નથી, જાતની બહાર જો નીકળી ના શકો.**
**તો તમે શબ્દથી કામ ના પડજો, જો વિરામો પછી વિસ્તરી ના શકો**

**- સ્નેહી પરમાર**

- nehalgadhavi101@gmail.com

# બ.ક.ઠા.ની શતાબ્દી ઉજવી પણ ૨૦૧૯માં સાર્ધ-શતાબ્દી ભૂલાઈ



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવી વિરાટ પ્રતિભાઓ સાથે ભારે મતભેદ હોવા છતાં ૧૯૨૦ના ગાળામાં રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપતી વેળા સાક્ષરવર્ય અને પૂણેની ડેક્કન કૉલેજમાં ઈતિહાસ અને રાજકીય અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક એવા ઈન્ડિયન ઍજ્યુકેશન સર્વિસ (આઈઈએસ)માં સક્રિય રહેલા પ્રા. બળવન્તરાય કલ્યાણરાય ઠાકોર(૨૩ ઑક્ટોબર ૧૮૬૯-૨ જાન્યુઆરી ૧૯૫૨)નો સહયોગ લેવામાં આવતો હતો. સ્વયં ગાંધીજીએ આ વાત લખેલી છે. સમાજમાં ભિન્ન મતનો આદર કરીને સમાજઘડતરમાં સૌનો સાથ લઈને જ વિકાસ સાધી શકાય, માત્ર મામકાઓ અને કહ્યાગરા ભક્તોના સહારે મજબૂત સામાજિક માળખું તૈયાર ના જ થાય.



**ઋણ ફેડવું એ સમાજની ફરજ**

જે સમાજ પોતાનાં મહાન રત્નોને વિસારે પડે છે એ નગુણો ગણાય. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીના વર્ષની ઉજવણી કરતાં આપણે રાષ્ટ્રમાતા કસ્તૂરબા અને આદિવાસી, દલિત અને તમામ પછાતોના ઉત્થાનમાં ભવ્ય યોગદાન કરનાર ઠક્કરબાપાની દોઢસોમીને વિસારે પાડ્યાની સાથે જ ગુજરાતીઓનું મહામૂલું ઘરેણું લેખાય એવા ઈતિહાસવિદ, કવિ-સર્જક-વિવેચક અને મહા-પ્રાધ્યાપક ઠાકોરની સાર્ધ-શતાબ્દીને ભૂલવાનો અપરાધ કરીએ તો એ ગુજરાતીઓને માથે મહેણું જ રહે. શાળાજીવન દરમિયાન ભણેલા બ.ક.ઠા.ની મંદાક્રાન્તામાં લખાયેલી કૃતિ ''બેઠી ખાટે ફરી વળી બધે'' અડધી સદી વીત્યા પછી પણ હજુ વારંવાર મમળાવવાનું મન થયા કરે છે.

**આખ્ખાબોલા-સાચ્ચાબોલા સર્જક-વિવેચક**

૧૯૬૯માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાની એક પરસાળ સમાન ખંડમાં બ.ક.ઠા.ની શતાબ્દી નિમિત્તે એમના હસ્તાક્ષરિત-પ્રકાશિત સાહિત્ય અને પત્રચારનું પ્રદર્શન નિહાળ્યાનું સ્મરણ હજુ તાજું જ છે. ''ભાઈ મોહન'' કે ''પ્રિય મોહન''થી મોહનદાસ કરમચંદ ગાંધીને સંબોધીને તેમણે લખેલા પત્રો, હમણાં ડૉ.હંસા મહેતા લાઈબ્રેરીમાં જતાં એ ખંડની બાજુમાંથી પસાર થતાં, જાણે કે હાક મારતા લાગ્યા હતા.એમએસના ગુજરાતી વિભાગે ચાર દાયકા પહેલાં પ્રકાશિત કરેલાં ''પ્રો.બ.ક.ઠાકોરની દિન્કી'' અને ''વ્યક્તિપરિચય''માંથી પસાર થતાં ડૉ.હર્ષદ મ.ત્રિવેદીની જહેમતની સાથે જ બ.ક.ઠા. સાથે ભરૂચથી ભાવનગર, મુંબઈ, વડોદરા, પૂણે, અજમેર, અમદાવાદ અને કાઠિયાવાડના સહ-પ્રવાસની અનુભૂતિ થયા વિના રહેતી નથી. અમારા બ.ક.ઠા.અંગેના અજ્ઞાનનાં પડળ પણ દૂર થયાં. સામાન્ય માન્યતા એવી હતી કે બ.ક.ઠા. તો આખ્ખાબોલા-સાચ્ચાબોલા સર્જક-વિવેચક અને ભાષાના જ પ્રાધ્યાપક; પણ અભ્યાસે જાણ્યું કે એ તો મૂળે ઈતિહાસના ગહન અભ્યાસી અને પ્રાધ્યાપક રહ્યા. રાજનીતિશાસ્ત્ર, અંગ્રેજી સાહિત્ય, ફિલસૂફી, તર્કશાસ્ત્ર સહિતના વિષયોના વડોદરા, પૂણે અને અજમેરમાં પ્રાધ્યાપક રહ્યા; એટલું જ નહીં કાઠિયાવાડમાં શિક્ષણાધિકારી પણ રહ્યા. મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડના શિક્ષક (ટ્યૂટર) પણ ખરા. સ્વભાવે કડક અને સિદ્ધાંતો સાથે બાંધછોડ નહીં કરનારું એમનું વ્યક્તિત્વ કંઈકઅંશે એમની છબીમાં રૂઆબદાર અને ઠસ્સાદાર ચહેરાને નિહાળીને જ અનુભવાય.

**મહાત્માથી નાના છતાં વડીલ**

''મ્હારાં સોનેટ''થી જાણીતા બ.ક.ઠા. ભલે ''મહાત્મા ગાંધીના બાવીસમા વાસે'' ભરૂચમાં જન્મ્યા હોય,પણ ગાંધીજીના મોટાભાઈના સહાધ્યાયી હોવાને નાતે ''અભ્યાસમાં નબળા મોહન''ના રાજકોટ અને ભાવનગરમાં માર્ગદર્શક પણ રહ્યા. પિતા કલ્યાણરાય રાજકોટમાં ન્યાયાધીશ હતા અને દીકરો બળવન્તરાય પણ વકીલાતનું ભણે એવું અપેક્ષિત માનતા હતા. એલએલબીના વર્ગોમાં જોડાયા તો ખરા પણ ગોઠ્યું નહીં. વિલાયત જઈને આઈસીએસ થવાની ધગશ ખરી,પણ ઉંમર આડે આવી અને વિલાયત જવાનું શક્ય ના બન્યું. અધ્યયન અને અધ્યાપનનો નાદ તો હતો. બહુમુખી પ્રતિભા હોવાને કારણે પૂણેમાં હતા ત્યારે લોકમાન્ય ટિળકે પોતાના પ્રકાશનમાં જોડાવા નિમંત્ર્યા,પણ પોતાની વિચારધારા નોખી હોવાનું બહાનું કરીને એ નિમંત્રણ પાછું ઠેલ્યું. ઠાકોરનું લગ્ન ઈ.સ. ૧૮૮૭માં ચંદ્રમણી સાથે થયું અને એ તેમને ઘરે ઈ.સ. ૧૮૮૯ની આખરે રહેવા આવ્યાં. ૧૯૧૫માં વિધુર થયેલા સમાજસુધારક બ.ક.ઠા. ઝંડાધારી નહોતા,પણ ''બ્રહ્મક્ષત્રિય''માં તેમણે લખેલા જ્ઞાતિસુધારાવાદી અને મહિલા સશક્તિકરણ વિષયક લેખો એમના વિચારોનું પ્રતિબિંબ પાડે છે. સમાજસુધારા સાથે જ રાજકારણમાં પણ કૉલેજકાળથી તેઓ રસ લેતા હોવાનું તેમની ડાયરીની નોંધો દર્શાવે છે. ડૉ.ત્રિવેદી નોંધે છે કે, ''જાહેર લખાણોમાં ગાંધીજી માટે માનવાચક વિશેષણો વાપરનાર અને તેમની સાથેના મતભેદને મોળી ભાષામાં રજૂ કરનાર ઠાકોરને, પોતે વિદ્યાર્થી હતા ત્યારે, વિદ્યાર્થી ગાંધીજી માટે બહુ માન નહોતું.''

- **કવિવર્ય ઠાકોર કાઠિયાવાડમાં શિક્ષણાધિકારી અને મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડના અંગત શિક્ષક રહ્યા**
- **સ્વભાવે કડક અને સિદ્ધાંતો સાથે બાંધછોડ નહીં કરનારું રૂઆબદાર અને ઠસ્સાદાર ભરૂચી 'ઘમંડી' વ્યક્તિત્વ**
- **૧૯૨૨માં ''ઈન્ડિયન એડમિનિસ્ટ્રેશન ટુ ધ ડોન ઓફ રિસ્પોન્સિબલ ગવર્નમેન્ટ ૧૭૬૫-૧૯૨૦'' મહાગ્રંથ લખ્યો**
- **વિશ્વવંદનીય પૂજ્ય મહાત્મા ગાંધીને ''ત્હને પવન'' નામે ઠાકોર સંબોધે એનાથી કવિ ખબરદાર ખૂબ ગિન્નાયા**

**બ્રિટિશ શાસકો માટે કૂણી લાગણી**

''પંચોતેરમે''માં બ.ક.ઠા. પોતાના રાજકીય વિચારોને ખુલ્લા મૂકે છે. બ્રિટિશ શાસકો માટે એમને કૂણી લાગણી હોવાનું ઘણી વાર તગે છે. અંગ્રેજપ્રજાના આભિજાત્ય અને ઔદાર્યને એ બિરદાવે છે. બહુધા, ઠાકોરે ગાંધીજી અને તેમના નેતૃત્વ હેઠળની કૉંગ્રેસનાં વિચારવલણો, પ્રવૃત્તિઓનો સરિયામ વિરોધ કર્યો છે અને તમામ માન, વિશ્વાસ, યશના અધિકારી તેમણે બ્રિટિશરોને ગણ્યા હોવાનું તારણ નીકળે છે. ''બ્રિટિશ શાસનના દીર્ઘ ઈતિહાસ દરમિયાન અંગ્રેજોએ ભારતનો અનેક દિશામાં સંગીન વિકાસ સાધી આપ્યો છે તેવી ઠાકોરની દ્રઢ માન્યતા હતી અને ભાવિમાં પણ ઈંગ્લેન્ડ ભારતના હિતમાં રહેશે, એવો તેમને વિશ્વાસ હતો.મધ્યકાલમાં મોગલોએ ગુજરાતમાં સ્થાપેલી વ્યવસ્થાને ઠાકોરે રાજકીય શાંતિની સ્થાપક, તેથી સાહિત્યાદિની પ્રગતિ માટે પ્રોત્સાહક, અને 'અપૂર્વાનન્ય' કહી છે,પરંતુ બ્રિટિશ શાસનથી સ્થપાયેલી વ્યવસ્થાને તેમણે એથીએ 'વધારે ઊંડાં મૂળ નાખતી, વધારે ટકાઉ અને ઉદાર સુવ્યવસ્થા' કહી છે.''

**એવો 'હિંદુમાર્ગ' પોતાનો માર્ગ નથી**

''કોઈ કથાકૃતિ વાંચવાથી રસાનુભવ થઈ શકે તે મનાય પરંતુ મૂર્ખતાઓ, કપટપ્રપંચો, નીચતાઓથી ભરેલી અવતારકથાઓના શ્રવણથી ''પાવન'' થવાય એમ એક 'અર્વાચીન' માણસ કેમ માની શકે? ઈશ્વરની આપણી વિભાવના સાથે આપણી અવતારકથાઓમાંના 'ઈશ્વરો' અને દેવી પાત્રોને કશો મેળ નથી પડતો,'' એવો બ.ક.ઠા.નો અભિપ્રાય હતો. પ્રા.ત્રિવેદી આ સંદર્ભે નોંધે છે: ઘણા લોકો માટે તેમનો ધર્મ પરંપરાગત ચમત્કારકથાઓને, દંતકથાઓને સ્થૂળ અર્થમાં માની લેવામાં, વિધિવિધાનોને બેસમજ રહી, સ્થૂળ રીતે પાળવામાં અને બુદ્ધિજડ મગજથી અનેક વહેમોને વળગી રહેવામાં સમાઈ રહે છે. ધર્મ કદાચ બિનનુકસાનકારક ને તેથી નિર્દોષ હોય, તથાપિ વસ્તુ જેમ વધુ નિર્દોષ જણાય તેમ ઘણીવાર વધુ ચેતતા રહેવું પડે તેવી ખંધી પણ હોય છે, એમ માનીને ઠાકોરે એવા ધર્મને પણ તરછોડ્યો છે. એવો ધર્મ પાળનારા હિંદુઓ જેવા પોતે 'હિંદુ' નથી, એવો 'હિંદુમાર્ગ' પોતાનો માર્ગ નથી; એવો ઠાકોરે ખુલાસો કર્યો છે. બ.ક.ઠા.એ ૧૯૨૨માં ''ઈન્ડિયન ઍડમિનિસ્ટ્રેશન ટુ ધ ડોન ઑફ રિસ્પોન્સિબલ ગવર્નમેન્ટ ૧૭૬૫-૧૯૨૦'' નામક મહાગ્રંથ લખ્યો.એના રચયિતા ઠાકોર એ જ ડેક્કન કૉલેજમાં ઈતિહાસ અને રાજકીય અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક હતા, જે કૉલેજમાં એમ.એ. કરવા ગયા અને અધૂરું મૂકીને એ પાછા ફર્યા હતા. બ.ક.ઠા.ના વ્યક્તિત્વને કવિ-સર્જક અને વિવેચકમાં જ આપણે સીમિત કરી દેતા હોવાથી એમના આ મહામૂલા યોગદાન તેમજ ''ઑન અકાઉન્ટ ઑફ ફર્સ્ટ માધવરાવ પેશવા'' કે ''અભિજ્ઞાન શાકુંતલ'' નાટકના ભાષાંતર ભણી ઝાઝું ધ્યાન આપતા નથી.

**ખબરદાર થકી ઠાકોરનો ઉધડો**

બ.ક.ઠા.ના યુગમાં એ ઘણાનો ઉધડો લેતા અને કેટલાક તો એમનો પણ ઉધડો લેવામાં સંકોચ કરતા નહીં. ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત'' જેવી અમરકૃતિ આપનાર કવિ અરદેશર ફરામજી ખબરદારે ''ગુજરાતી''ના સંવત ૧૯૯૫ના દીપોત્સવી અંકમાં જે ઉધડો લીધો છે, એવી હિંમત ભાગ્યેજ કોઈએ ઠાકોર સાથે બાખડવામાં કરી હશે. ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયના કોપીરાઈટ વિભાગમાંથી અમને પ્રાપ્ત ખબરદારની એ લેખની ૨૦ પાનાંની વર્ષ ૧૯૩૯માં અલગથી પ્રકાશિત પુસ્તિકા વાંચીને બ.ક.ઠા.ને પણ કોઈ માથાનો મળ્યાની અનુભૂતિ થઈ હતી. એ વેળા ૭૦ના ઠાકોરને વિશે નામ પાડીને ખબરદારે ''એ વૃદ્ધ સાક્ષરની મનોદશા'' વર્ણવતાં ઘા પર ઘા માર્યા છે.''બહારથી જુદું બતાવવા છતાં કીર્તિ, મહત્તા, લોકપ્રિયતા વગેરેની પાછળ એ કેટલા દોડ્યા છે, અને તે માટે કેટલું પ્રચારકાર્ય મહાખંતથી એમણે કર્યું છે તે તો એમનું જ એક કહેવાતું 'સોનેટ' 'સર્જક કવિ અને લોકપ્રિયતા' બતાવી આપે છે.'' સદગત નરસિંહરાવ (દિવેટિયા)ને 'પારસી-વા' (હડકવા, ધનુર્વા, તેમ પારસી-વા Parsiphobia) હતો, તેનો મને અનુભવ થયો હતો; પણ નરસિંહરાવ મરી ગયા એટલે હવે રા.ઠાકોરને પણ એ વા ઉપાડ્યો લાગે છે... એ સાક્ષર (બ.ક.ઠા.) એમના અનુયાયીઓને મતે એવા મહાકવિ, મહાવિવેચક, મહાજ્ઞાની, મહાભક્ત, મહાઈતિહાસકાર, મહાઋષિ વગેરે થઈ ગયેલા છે કે આપણા વિશ્વવંદનીય પૂજ્ય મહાત્મા ગાંધીને ''ત્હને પવન'' નામે સંબોધીને તેમની સંયમવાણીને 'ભૂંક ગધાતણી'તરીકે વર્ણવે છે.'' ખબરદાર ઠાકોરને ખુલ્લો પડકાર ફેંકવાનું પણ ચૂકતા નથી:''શેરની સાથેના યુદ્ધનો સ્વાદ લેવો હોય તો એ ભલે આવે.હું બધાં સાધનો સાથે તૈયાર છું.આટલી વૃદ્ધ ઉંમરે પણ પ્રભુ એમને સદબુદ્ધિ આપે.'' (૯-૧૦-૧૯૩૯)

આ મહાન સર્જક એ વેદનાઓ વચ્ચે પણ અણમોલ સર્જનો મૂકીને ૧૯૫૨માં મુંબઈમાં આ ફાની દુનિયાને અંતિમ જુહાર કહીને વદાય થયા અને કાયમ માટે અમર થઈ ગયા. આપણે કેવા ભૂંડા કે એમને સાર્ધ-શતાબ્દી ટાણે સાવ જ વિસરી ગયા!

haridesai@gmail.com